Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

112

# મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિએ હિમાંશી શેલતની ટૂંકીવાર્તાઓનું વિશ્લેષણ

**કોળીઢોર તૃપ્તિબેન પ્રકાશચંદ્ર**

સંશોધક, ગુજરાતી વિભાગ,

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી – ગોધરા

**ડૉ. દિલીપ આર. અમીન**

આચાર્યશ્રી, શ્રી એસ.પી. પટેલ આર્ટસ કૉલેજ,

સિમલિયા, તા.ઘોઘંબા, જિ. પંચમહાલ

મનોવિજ્ઞાન સર્જકના અનુભવો સુધી પહોંચવાની મથામણ કરે છે. સર્જનમાં રહેલો મૂળ ભાવ સમજવા ઘણી વખત સર્જકો કેફિયત આપતા હોય છે. મનોવિજ્ઞાન સર્જકના મન સુધી પહોંચવા માટે પ્રયત્ન કરે છે. મનોવિજ્ઞાનને સાહિત્યકારના જીવનદર્શનમાં વિચારની એક નવી દિશા દેખાય છે. વર્તમાન સાહિત્ય મનોવિજ્ઞાનનો ઉપયોગ છૂટથી કરે છે. વિવિધ મનઃસ્થિતિઓને રજૂ કરવા માટે પ્રતીકો, કલ્પનો, પુરાકલ્પનો યોજે છે. જેમાં આડકતરી રીતે મનોવિજ્ઞાનનો સાહિત્યમાં વિનિયોગ થઈ જાય છે. આમ કરવાથી સર્જક પોતાની વાત સચોટતાથી અને ટૂંકાણમાં રજૂ કરી શકે છે. સર્જક જે સર્જન પ્રક્રિયા આદરે છે. એમાં જાણ્યે

અજાણ્યે એનું અજાગ્રત મન આલેખન પામે છે. મનોવિજ્ઞાન સર્જકની સર્જન પૂર્વેની માનસિક સ્થિતિ જાણવાનો પ્રયત્ન કરે છે. સાહિત્યમાં નિરૂપણ પામતા રાગ–દ્વેષ, લાગણી, સંઘર્ષ, મનોમંથન, તર્ક, ભાવનાઓ વગેરે શી રીતે આલેખન પામ્યાં એ જાણવામાં મનોવિજ્ઞાનને રસ હોય છે. સર્જક પોતાની આગવી દુનિયા સાહિત્યમાં ખડી કરે છે. આ બધું કરવા જતાં સર્જકની અંગતતા પણ કયાંક ને કયાંક સર્જનમાં ડોકાઈ જતી હોય છે.

ગુજરાતી વાર્તાસાહિત્યમાં એક એવો યુગ પણ હતો જેમાં વાર્તા રચનાની ટેક્નિક ઉપર ખાસ્સો મદાર હતો. ઈ.સ.૧૯૮૦ પછી હિમાંશી શેલતનું ગુજરાતી વાર્તા ક્ષેત્રે આગમન ગુજરાતી વાર્તાને ટેક્નિકની પ્રયોગશાળામાંથી બહાર કાઢે છે. પરંપરાગત કે જૂનવાણી ગણાવાના ભયમાંથી મુક્ત થઈને ઘટનાપ્રધાન પરંતુ સંવેદનપટુ વાર્તા લખવાની શરૂ થાય છે. હિમાંશી શેલત ગુજરાતી સાહિત્યજગતમાં એક આગવી ઓળખ ધરાવનારા લેખક છે, જેઓ મુખ્યત્વે ટૂંકીવાર્તા ક્ષેત્રે પ્રભાવશાળી રૂપે સ્થાન ધરાવે છે. તેમની લેખની શૈલીમાં સાદગી, જીવનના કટુ-મીઠા અનુભવનો ઝાંખો અને માનવજીવનની ગહન અનુભૂતિઓનો મજબૂત પ્રતિબિંબ જોવા મળે છે. પોતાની ટૂંકીવાર્તાઓમાં સામાન્ય જીવનની નાની-નાની ઘટનાઓ અને સાવજનિક લાગણીઓને કથાત્મક માળખામાં ખૂબ જ કુશળતાથી પેસારી કરે છે. તેઓ માનવ જીવનના સામાન્ય સંઘર્ષો અને લાગણીઓનું દર્શન કરવામા નિષ્ણાત છે, જે વાચકોને તેમની વાર્તાઓ સાથે સહજ રીતે જોડાવા પ્રેરે છે. તેમની વાર્તાઓ પાત્રોના આંતરિક માનસિક સંઘર્ષ અને મનોદશાનું વાસ્તવિક અને ઝીણું નિરૂપણ કરે છે. તેઓ પાત્રોની માનસિક કથાઓને જીવનના વાસ્તવિક પરિપ્રેક્ષ્યમાં મૂકી વાચકોને વિચારીને પ્રેરે છે. આ પ્રકારની વાર્તાઓ લખવામાં હિમાંશીબેનનું સ્થાન શિરમોર છે. હિમાંશી શેલત કુલ નવ વાર્તાસંગ્રહોમાં એક સો બેતાલીસ

જેટલી ટૂંકી વાર્તાઓ આપી છે. હિમાંશી શેલત પાસેથી મળેલા નવ વાર્તાસંગ્રહો આ પ્રમાણે છે. 'અન્તરાલ', 'અંધારી ગલીમાં સફેદ ટપકાં', 'એ લોકો', 'સાંજનો સમય', 'પંચવાયકા', 'ખાંડણિયામાં માથું', 'ગર્ભગાથા', 'ઘટના પછી', 'એમનાં જીવન' આ વાર્તાસંગ્રહોમાં આલેખાયેલા પરિવેશ, પાત્રો, પ્રસંગ, ઘટના, વર્ણન, સંવાદ વગેરેને ધ્યાનમાં લઈને મનોવૈજ્ઞાનિક અભિગમ સમજવાનો ઉપક્રમ છે.

મનોવૈજ્ઞાનિક અભિગમની દષ્ટિએ જોતાં કેટલીક ઉત્તમ વાર્તાઓ ઊડીને આંખે વળગે એવી છે. હિમાંશી શેલતની લેખનશૈલી કયારેક સાવ અંગતતાનો કયારેક સાવ બિનઅંગતતાનો અનુભવ કરાવે છે. 'એકાંત' વાર્તાની નાયિકાને પોતાના જ ઘરમાં એકાંતની શોધ છે. અહીં નાયિકા સ્પષ્ટપણે બે ભાગમાં વહેંચાઈ જાય છે. એક પોતાનું અંગત–ગમતું જીવન અને બીજું પોતાનું વ્યાવહારિક ન ગમતું જીવન. વાર્તાનાયિકા લગ્ન કરીને પતિને ઘેર આવી છે. ઘરમાં સાસુ, નણંદ, પતિ, સગા–સંબંધી બધાની વાતો તેણીને સામાન્ય જ લાગે છે.

> "... એ તો અમારી કામિની સાચવી લેશે, એને એકલી પડવા જ નહિ દે ને! બહુ બોલકી ને મળતાવડી છે કામિની. સાસુ બોલ્યા હતાં. રોજ કોઈને કોઈ મળવા આવે. વાતો બધી એક જ પ્રકારની. આ બંગડીનો ઘાટ સરસ છે. આ સાડી આપણે ત્યાંથી આવી, વિવાહ વખતની હોં, લગ્નમાં નહિ. એ તો જુદી છે. સોનીની બુટ્ટી એને ત્યાંની, વાસણોમાં તો એક આખો ડિનર–સેટ... કોઈએ એના શોખમાં ઝાઝો રસ લીધો નહિ...."

પરિવારના અને બહારના સભ્યોની આવી અર્થહીન લાગતી વાતોથી વાર્તાનાયિકા મૂંઝાય છે. પોતાના પતિનું વર્તન પણ તેમને માત્ર વ્યાવહારિક જ લાગે છે. પોતાની જાતથી વિખૂટા પડી ગયાનો અહેસાસ વાર્તાનાયિકાને મૂંઝવી નાંખે છે.

વાર્તાનાયિકાનો પતિ ધીરેન જ્યારે કંપનીના કામે બેંગલોર જાય છે ત્યારે પોતાને ઈચ્છિત એકાંત નાયિકાને મળી જાય છે ત્યારે–

> "…. બારીમાંથી મોગરાની અધખીલી કળીઓ દેખાતી હતી. હવામાં એની સુગંધ હતી. ગાવાનું મન થયું. પછી વિચાર માંડી વાળીને એણે પોતે ગાયેલાં ગીતોની કેસેટ સાંભળી, દિવસો પછી સાંભળેલો એ અવાજ કેટલો અપરિચિત લાગતો હતો! મોડી રાત સુધી એણે વાંચ્યું અને છેવટે ડબલ–બેડની સુવાળી ચાદર પર મોકળાશથી આળોટતી આળોટતી એ નાનકડી છોકરી બની ગઈ. પાછી માને વળગતી હોય એમ ઓશીકાને બાઝી રહી. સરસ ઊંઘ આવી. લાંબા સમય પછી આમ વાંચ્યું એટલે સવારે એની આંખોમાં જાસૂદના ફૂલનો રંગ હતો…"

વ્યક્તિના જીવનને નજીકથી જોવાની દષ્ટિ હિમાંશી શેલતમાં ખૂબ જ નજાકત ભરી છે. વ્યાવહારિક જીવનમાં જેને ખુશી કે વેવાર કહેવામાં આવે છે. એવી ઘટનાના ધરાતલમાં છુપાયેલું દર્દ લેખિકા સારી રીતે શોધી કાઢે છે! પતિના વિયોગથી વિચલિત થવાને બદલે નાયિકા એકાંતમાં પોતાનું મૂળજીવન જીવવાનો પ્રયાસ કરે છે જે વાચકને સ્પર્શી જાય છે. અનાયાસે જ અહીં મનોવૈજ્ઞાનિક અભિગમનો વિનિયોગ વાર્તામાં ચાર ચાંદ લગાવી દે છે. ઘટના તિરોધાન કે રચનારીતિની કડાકૂટમાં પડ્યા વિના જ સહજ રીતે જ ઊભરાતી નજાકત અહીં નોંધનીય છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

'અજાણ્યો' વાર્તા પણ મનોવૈજ્ઞાનિક અભિગમના નિરૂપણની દષ્ટિએ ખૂબ જ મહત્વની છે. અવનીનો પતિ કાર્તિક સ્વપ્ન અવસ્થામાં બબડે છે. "તું મારું અપમાન કરીશ નહિ, પ્લીઝ.... તારા વગર મારાથી બિલકુલ જીવી શકાશે નહિ. સુલુ.... સુલુ... જો, મારી વાત સાંભળી આપણે..." પછીના શબ્દો કાર્તિકના ધગધગતા શ્વાસમાં પીગળી જતા હતા. અવનીથી એક કારમી ચીસ પડાઈ ગઈ. "ઓ જનકભાઈ.... બા.... જુઓને આમને શું થઈ ગયું એકાએક...."

અહીં અવનીના માનસમાં એક પ્રશ્ન જાગ્રત થયો છે– "આ સુલુ કોણ છે?" પોતાનો પતિ પોતાને અજાણ્યો જ લાગે છે. અવનીના પ્રશ્નનો જવાબ મળવો શક્ય નથી. બધાં કાર્તિકની આળપંપાળમાં પડી જાય છે. અવની ખામોશ છે. એના માનસમાં ઘૂંટાતો પ્રશ્ન વાચકના માનસમાં પણ ચકરાવા લે છે પરંતુ આ પ્રશ્નનો જવાબ વાર્તાન્તે પણ કોઈને મળતો નથી.

> ''બરાબર તે પળે એને થયું કે અત્યારે કાર્તિકને પૂછી લઉં કે આ સૂલુ કોણ? આવડી નાની અમથી વાત જરા પૂછી લેવામાં શો વાંધો છે ? એમાં ભૂતકાળ ઉકેલવાની વાત જ ક્યાં આવી? માત્ર પુછ્યું જ છે કે સુલુ એટલે કોણ..."
>
> પ્રશ્ન પૂછવાની પૂર્વતૈયારી રૂપે એણે ફરી કાર્તિક સામે જોયું અને એકાએક એની જીભ લાકડાનો ટુકડો થઈ ગઈ. મચ્છરદાનીમાં નિરાંતે સૂતેલો કાર્તિક પાછો અજાણ્યો, અપરિચિત માણસ બની ગયો હતો.

'મનસુખ' વાર્તા પણ ખૂબ જ મહત્વની છે. અહીં મનસુખના પાત્રમાં નામ પ્રમાણેનો ગુણ સામેલ થતો જોઈ શકાય છે. મનસુખ સંયુક્ત પરિવારમાં રહેતો એક સામાન્ય નોકરિયાત માણસ છે. મનસુખની પત્ની ભાનુ છે. દીકરો જ્યેશ ભણે છે. મનસુખનો નાનો ભાઈ નાનકો અને

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

તેની પત્ની રેણુના ઈશારે આખું ઘર ચાલે છે. મનસુખ અને તેમની પત્ની ભાનુના ભાગે ઢસરડા જ આવે છે. નાનકો ધંધો કરે છે– કન્સ્ટ્રકશનનો. મનસુખ નોકરી કરતો હોવાથી ઓછી અને બાંધી આવક ધરાવે છે. નાનકો ધંધામાં આગળ વધીને ઊંચી ઉડાન ભરી રહ્યો છે. ઘરમાં મનસુખ મોટો હોવા છતાં પણ કોઈ એને ગણકારતું નથી. મનસુખની એક નાનકડી ઈચ્છા છે કે–

> "... એક એવી જગ્યા જ્યાં બહાર પોતાના નામની તકતી બનાવી હોય, પેટીઓ ગોઠવીને, ઉપર ચાદર પાથરીને બનાવેલા ટેબલ પર નાસ્તો કરવાનો ન હોય, ટેબલ એટલે રીતસરનું ટેબલ, ચળકતી સુંવાળી સપાટીવાળું, ભાનુ રસોડામાં એની મરજી પ્રમાણે રસોઈ બનાવતી હોય. અત્યારે ટીવી જોતી વખતે છેક ખૂણામાં એ ભાનુ અને જ્યેશ જેમ બેસે છે એવું નહિ. પોતાના ફ્લેટમાં આરામથી પગ લંબાવીને ટીવી જોઈ શકાય... કેવી બાદશાહી, બસ, એક નાનો ફ્લેટ જો હોય પોતાનો તો આખી દુનિયા જખ મારે છે... કોઈની સાડીબારી રાખવાની નહિ પછી."

પોતાનો દીકરો કદાચ ભણીગણીને પોતાનું આ સ્વપ્ન પૂરું કરશે એવો મનસૂબો મનસુખનો છે. પરંતુ જ્યેશ તો પોતાના કાકાના ધંધામાં ગોઠવવાનું નક્કી કરે છે ત્યારે મનસુખના સપના ચકનાચૂર થઈ જાય છે. સંયુક્ત પરિવારમાં ઓછું કમાનાર મનસુખની હાલત ખૂબ જ દયનીય લાગે છે. ભાનુ પણ સમજીને ઘરનો ઢસરડો જ કરે છે. અહીં મનસુખની વ્યથા વાચક સિવાય કોઈ સમજી શકતું નથી.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

'છેક આવો માણસ...!' વાર્તા વાર્તાકલાની ગૂંથણીની દષ્ટિએ તો ખૂબ મહત્વની છે જ, પરંતુ વાર્તાનું વસ્તુ પણ ખૂબ જ સંવેદનશીલ છે. પરિમલ અને પ્રિયંકાની જોડી સ્વર્ગમાં બની હોય એ હદે સુંદર છે. ડાહી, શાણી, સમજુ અને ભણેલી–ગણેલી જોડી! બંને લગ્ન પહેલાં છૂટથી હરે છે– ફરે છે. બંનેને એકબીજા પ્રત્યે અપાર પ્રેમ છે. પરંતુ એક દિવસ અચાનક પ્રિયંકા પોતાના પરિવારજનો સમક્ષ નિર્ણય જાહેર કરે છે કે–

> "મારે પરિમલ સાથે કોઈ લેવાદેવા નથી. એની સાથે લગ્ન નહીં કરવાનો મેં નિર્ણય લીધો છે અને એ ફાઈનલ છે. આ અંગે પ્લીઝ, કશી ચર્ચા કરવાની જરૂર નથી. કારણ પૂછવાનાં નથી. મને સમજાવવાનો પ્રયત્ન પણ કરવાનો નથી."

પ્રિયંકાની મા આવા નિર્ણયથી ડઘાઈ જાય છે. પરિમલે કાંઈક અનિચ્છનીય માગણી કરી હશે ? એવો પ્રશ્ન એના મનમાં જાગે છે અને જો આવી કોઈ માગણી કરી હોય તોયે એમાં કશું વાંધાજનક પણ તેણીને લાગતું નથી. દીકરી હૈયું ખોલીને વાત કરે એ માટે તેણી રાહ જુએ છે.

> "ઇંચ–ઇંચ ખસતું અઠવાડિયું માંડ પસાર થયું. પ્રિયંકાને બાદ કરતાં સહુના જીવન અધ્ધર રહ્યા. માથે ખડ્ગ તોળાયું હોય તેવા. મમ્મા સહુથી વધારે આકળવિકળ. પ્રિયંકાની ગેરહાજરીમાં પરિમલ ધસી આવે તો શો જવાબ દેવો એના ઉચાટમાં એ સાતેક દિવસ તો બહુ બેચેન રહી. પછી થયું કે પરિમલ આવ્યોયે નહીં અને એણે કોઈ ખુલાસો માંગ્યોયે નહીં એનો અર્થ એમ કે પરિમલનો જ વાંક. ફિલ્મોની અવળી અસરમાં એલફેલ માગણી કરી હોય અને એમાં બંને વચ્ચે ઝઘડો થયો હોય. વાત વધી પડી હોય તો પ્રિયંકા ખમી ખાય

એમાંની નથી. વળી બહારની અસરો, મમ્માને લાગ્યું કે હજી બાજી હાથથી ગઈ નથી. સમજાવી શકાય પ્રિયંકાને, અને પછી પરિમલને."

આવું વિચારીને મન ડહોળતી મમ્માને એક દિવસ પ્રિયંકા જ આખી ઘટના વર્ણવે છે:

– બોલ દીકરા ઝટ કહે. શું કર્યું પરિમલે ?

– તે દિવસે અમે પાછાં આવતાંતા ક્યારે પુલ ચડતી વખતે ખૂણામાં....

– હા, હં... ખૂણામાં શું ?

– ખૂણે... ખૂણે એક પ્રગનન્ટ કૂતરી સૂતી હતી. ઘસઘસાટ. કોઈને નડતી નહોતી. છતાં પરિમલે એને જોરથી લાત મારી, મમ્મા.... એટલા જોરથી કે... પેટમાં બચ્ચાં હતાં તોયે...!

પરિમલની આવી હરકત જોઈને પ્રિયંકાએ એને ત્યજી દીધો હતો. ગર્ભવતી કૂતરીને પાટુ મારવા જેવી એક જ ઘટના પરથી પ્રિયંકાએ પરિમલના વ્યક્તિત્વને ઓળખવાની કુનેહ દાખવી. આમ, આ આખીયે વાર્તામાં વ્યક્તિત્વ મહત્વનું પરિમાણ બની રહે છે.

'કમળપૂજા' વાર્તા વિશેષ સંદર્ભ અને પરિવેશ લઈને નિરાધાર ઓરડી અને ત્રણ સંતાનોની વ્યથા કથા સુંદર રીતે વર્ણવે છે પરસુ, રમણ અને વાસુ ત્રણ દીકરાઓનો બાપ જેલવાસ ભોગવી રહ્યો છે ત્યારે એની મા કદમ જોડે અનૈતિક સંબંધો બાંધી ઘરનું ગુજરાન ચલાવીને બાળકોને મોટાં કરી રહી છે. ઘરમાં કદમનું આગમન શા માટે ? એવો પ્રશ્ન બાળકોને સતાવે છે. ત્રણેય દીકરાઓ આ રીતે જવાબ શોધવા મથામણ કરે છે–

"પરસુ, વાસુ–રમણને સમજાવે. કદમકાકો માને ખરચી આપી છે. માને પૈસા મળે તેમાંથી ઘર ચાલે. એને ધંધો કેવાય? વાસુને સવાલ થાય છે. ધંધો તો ખરો, તેમાં પરસુને બધી ખબર છે. બલિયોમામો એમ કહેકે તમારી મા ધંધો કરે છે. વાસુ ડોબો છે. ગલીને નાકે બની–ઠનીને એક છોકરી ઊભેલી તો સૂરજે એમ કહેલું કે સામે જોવાનું નહીં. ઝટ પગ ઉપાડવાના, એ તો ધંધો કરે છે. એ વળી કેવોક ધંધો?"

બાળમાનસમાં મા પ્રત્યે ખુન્નસ ભરાય છે. માને મારી નાખવાની યોજના બનાવે છે. માતાને મારીને ત્રણેય બાળકો ભાગી જાય છે. રાજસ્થાન તરફ જતી બસમાં બેસી જાય છે. વાર્તાવાચકની નજરે સ્ત્રી કશું ખોટું કરી રહી હોવાનો અણસાર દેખાતો નથી. લેખિકાએ અહીં બાળમાનસના ગુનાહિત પહલુને ઉજાગર કર્યું છે. બાળકો માટે મા કદમ જોડે સંબંધ રાખે છે ને એ જ બાળકો ક્રૂર બનીને ઠંડે કલેજે માની હત્યા કરે છે! સ્ત્રીત્વની વ્યાખ્યાઓમાં અટવાયેલો મોટો દીકરો પરસુ જે માને મોતને ઘાટ ઉતારીને 'કમળપૂજા કરે છે!

'એવું પણ બને–' વાર્તા માનવવર્તનની કે સંકુલતાઓનું દર્શન કરાવે છે. મનોવિજ્ઞાન માનવ વર્તનનો અભ્યાસ કરે છે. અહીં એક ટ્રેનમાં બધા વેમ્પાયર જેવા સરખા ધંધો કરનારા મળ્યા છે. વેમ્પાયર એટલે અહીં ચોરી, લૂંટ, હત્યા વગેરે સંગીન અપરાધો સાથે સંકળાયેલો એક વર્ગ. આ લોકો અતિ ક્રૂર હોય છે. એની વાતો ઉપરથી એની ક્રૂરતાનો અંદાજ આવી શકે. ડબ્બામાં અન્ય એક સ્ત્રી બેઠેલી છે. જેની નાની બાળકી રડી રહી હોય છે ત્યારે એક વેમ્પાયર બરાડી ઊઠે છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

> "ચૂપ કર સાલી કો! બોલવા નથી દેતી, સાંભળવા નથી દેતી, ચૂપ કરતાં ન આવડે તો ફેંકી દે ઊઠાવીને બહાર!"

આ જ વેમ્પાયરને એક બુઢ્ઢી ઓરતની વાતો સાવ શાંત કરી નાખે છે. એ સાવ બદલાય જાય છે. વર્તન પરિવર્તનની આ ઘટના નોંધપાત્ર રીતે અહીં રજૂ કરવામાં આવી છે. આ રીતે, અમુક ટૂંકીવાર્તાઓમાં માનવવર્તનના સૂક્ષ્મ સંચલનો મનોવૈજ્ઞાનિક ઢબથી નિરૂપવામાં આવ્યાં છે. માનવ જ્યારે માનવ મરીને દાનવ બનવાની દિશામાં જવા માંડ્યો છે ત્યારે આવા દાનવ સ્વભાવને પરિવર્તિત કરવાની જવાબદારી તો કોઈક લેવી જ પડે.

હિમાંશી શેલતની વાર્તાઓમાં મનોવૈજ્ઞાનિક અભિગમ સુપેરે વર્ણવવામાં આવ્યો છે. તેઓની લેખનશૈલી સીધી અને સરળ છે. આખી વાર્તા વાંચી લીધા પછી સાચી વાર્તા વાચકના માનસમાં આકાર લેતી લાગે છે. વાર્તાની અસરમાંથી વાચક ઘડીકમાં મુક્ત થઈ શકતો નથી. મધ્યમવર્ગની વાર્તાઓ તો અહીં પણ છે. ક્યારેક હિમાંશીબેન તરછોડાયેલા વર્ગને કેન્દ્રમાં રાખીને પણ કલમ ચલાવે છે. તેઓની વાર્તામાં એક સંશોધનાત્મક દષ્ટિકોણનાં દર્શન સહેજે થાય છે. તેઓની વાર્તાઓમાં આવતાં સ્થળ–કાળ–વાતાવરણ કંઈક નવીન જ આબોહવા તૈયાર કરી આપે છે. પાત્રગત અને ઘટનાગત વર્ણનોમાંથી એમનાં મનોવિજ્ઞાન સંબંધી જ્ઞાનનો સુંદર પરિચય મળી રહે છે. તેઓની વાર્તાઓમાં સચોટતા અને સરળતાથી થતું મનોવૈજ્ઞાનિક નિરૂપણ ખૂબ સરસ હોય છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

## :પાદટીપ:

1. ‘સર્જનપ્રક્રિયા અને નારીચેતના’ – સંપા. ઉષા ઉપાધ્યાય, પાર્શ્વ પ્રકાશન, પ્ર. આ. ૨૦૦૬.
2. ‘વાર્તા વિશેષ હિમાંશી શેલત’ – સંપા. શરીફા વીજળીવાળા, અરુણોદય પ્રકાશન, પ્ર.આ. જૂન ૨૦૧૩.
3. ‘અન્તરાલ’ લે. હિમાંશી શેલત, બીજી આવૃત્તિ, પૃ.૧૦–૧૧
4. એજન, પૃ.૧૩
5. ‘અંધારી ગલીમાં સફેદ ટપકાં’, લે. હિમાંશી શેલત, પુનર્મુદ્રણ–૨૦૧૯, પૃ.૨૯
6. એજન, પૃ.૩૧
7. એજન, પૃ.૮૨
8. ‘ગર્ભગાથા’ લે. હિમાંશી શેલત, પ્ર.આ.૨૦૦૯, પૃ.૧૩
9. એજન, પૃ.૧૫
10. એજન, પૃ.૧૭
11. એજન, પૃ.૩૨
12. ‘ઘટના પછી’, લે. હિમાંશી શેલત, પ્ર.આ.૨૦૧૧, પૃ.૩૩